આકાશવાણી, અમદાવાદ

22-10-2025 Midday: 2.30 TO 2.35

Wedensday Regional News

## New Year's celebration

નવી આશા, ઉમંગ અને ઉત્સાહ સાથે વિક્રમ સંવત 2082-ના નૂતન વર્ષનો આજથી પ્રારંભ થયો છે. વિશ્વભરમાં ગુજરાતી સમુદાય આજે નવા વર્ષની ઉજવણી કરી રહ્યો છે.રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. આકાશવાણી પરિવાર તરફથી અમારા શ્રોતાજનોને નવા વર્ષની શુભેચ્છાઓ

આજે વહેલી સવારથી જ રાજયના અનેક મંદિરોમાં ભગવાનના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી રહી છે.

લોકો નવા કપડા પહેરીને એકબીજાને નવા વર્ષમાં ગળે મળીને મીઠાઈ ખવડાવીને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. આગામી વર્ષમાં નાણાકીય સફળતા માટે દેવી લક્ષ્મીના આશિર્વાદ મેળવવા માટે વેપારીઓ નવા હિસાબી ચોપડાઓની પૂજા કરી રહ્યા છે.

## Chief Minister New Year

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નવા વર્ષની શરૂઆત ગાંધીનગરના પંચદેવ મંદિર થી કરી. પંચદેવ મંદિરમાં ભગવાનને પૂજા અર્ચના અને આરતી કરી. મુખ્યમંત્રીએ રાજભવનમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતની મુલાકાત લઈને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિકોને વિક્રમ સંવત ૨૦૮૨ના પ્રારંભે નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીએ નૂતનવર્ષના પ્રારંભે અમદાવાદના ભદ્રકાળી માતાજીનાં દર્શન-પૂજન કરી, રાજ્યના નાગરિકોનાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે શહેરના શ્રેષ્ઠીઓ અને સામાન્ય નગરજનોને મળીને નવા વર્ષની શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કર્યું હતું.

આ અવસરે ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, સહીત સ્થાનિક ધારાસભ્યો, આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ નૂતન વર્ષ નિમિત્તે શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ ઓફિસર્સ મેસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તથા તેમના પરિવારોની મળીને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી પટેલે નવાવર્ષ નિમિત્તે ત્રિમંદિર ખાતે દર્શન પૂજન કર્યા હતા. અને નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

New year- temple district

દેવભૂમિદ્વારકામાં નવા વર્ષની શુભ શરૂઆત કરવા માટે આજે ભક્તોની અવિરત ભીડ ઉમટી રહી છે. નવા વર્ષનો આરંભ ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદથી કરવાની સદીઓ જૂની પરંપરા અનુસાર દેશ-વિદેશમાંથી ભક્તો દ્વારકા ધામે આવી પહોંચ્યા છે. સવારથી જ દ્વારકાધીશના જગત મંદિરે ભાવિકોની ભીડ જોવા મળી રહી છે.

આજે બેસતા વર્ષે એટલે કે નવા વર્ષના દિવસે અંબાજી મંદિર ટ્રસ્ટને સોનાનું દાન મળ્યું. એક ભક્ત દ્વારા અંદાજે 13 લાખ રૂપિયાની કિંમતનું અંબાજી મંદિર ટ્રસ્ટને 100 ગ્રામ સોનાનું દાન કર્યું.

આ ઉપરાંત સોમનાથ, સાળંગપુર હનુમાન મંદિર, શામળાજી મંદિર, વગેરે તીર્થસ્થાનોએ પણ નવા વર્ષ નિમિત્તે શ્રદ્ધાળુઓએ ભગવાનના દર્શન કર્યા હતા.

Happy New Year Amit Shah

નવા વર્ષના પ્રારંભે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહને તેમના અમદાવાદ સ્થિત નિવાસસ્થાને ભાજપના અગ્રણીઓએ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિત અગ્રણીઓએ શ્રી શાહની મુલાકાત લઈને તેમને નવા વર્ષની અને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી શાહે ભાજપના કાર્યકર્તાઓને અને લોકોને મળીને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

Birthday Amit Shah

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને તેમના જન્મદિવસ પર શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે શ્રી શાહ જાહેર સેવા પ્રત્યેના તેમના સમર્પણ અને મહેનતુ સ્વભાવ માટે વ્યાપકપણે પ્રશંસનીય છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ગૃહમંત્રીએ ભારતની આંતરિક સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા અને દરેક ભારતીય સલામતી અને ગૌરવપૂર્ણ જીવન જીવે તે સુનિશ્ચિત કરવા માટે પ્રશંસનીય પ્રયાસો કર્યા છે. શ્રી મોદીએ શ્રી શાહના લાંબા અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરી.

DGP Vikas Sahay Helpline

રાજયના લોકોને તમામ પ્રકારની તાત્કાલીક સહાય મેળવવા માટે રાજય સરકારે 112 હેલ્પલાઈન નંબર જાહેર કરેલો છે. આ અંગે રાજયના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે આજે જણાવ્યું હતું કે હેલ્પ લાઈન નંબર 112ને અદ્યતન ટેકનોલોજી સાથે સાંકળીને ઝડપથી ઈમરજન્સી સ્થળે પહોંચી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી સહાયે 112 હેલ્પલાઈનના વાહનને 108 ઈમરજન્સી વાહનની જેમ જ લોકોને સહયોગ આપવા વિનંતી કરી